# અબોલ જીવોની

# મૂક અરજ





આ પૃથ્વી ઉપર બધા જ જીવોને ભગવાને, જીવન જીવવાનો સમાન અધિકાર આપ્યો છે. અમે પણ આપની જેમ કુદરત સર્જીત જીવ છીએ, પણ અમે મુંગા છીએ અને અમારી વેદનાને વાચા આપી શકતા નથી. અમે ભૂખ્યા છીએ, તરસ્યા છીએ, માંદા છીએ અને આપના પર સંપૂર્ણ આધારિત છીએ.



અમે તમોને ઘણી રીતે મદદરૂપ થઈએ છીએ. ઘણાનું તો ગુજરાન પણ અમારા વડે જ ચાલે છે. ગાય, ભેંસ, બકરીરૂપે અમે તમને અમૃત સમાન દૂધ આપીએ છીએ. બળદરૂપે આપની ખેતી તથા અન્ય કામોનો ભાર ઉપાડીએ છીએ, ક્યારેક ગધેડારૂપે હળધૂત થઈ બેસુમાર બોજ વહન કરીએ છીએ, તો ક્યારેક કુતરારૂપે આપની વફાદારીપૂર્વક રખેવાળી કરીએ છીએ, ઉપરાંત આપને જરાય ન ગમતા ભૂંડરૂપે આપની સોસાયટીની ગંદકી સાફ કરીએ છીએ.



આપ તો એકવીસમી સદીના શિક્ષિત, આર્થિક રીતે સદ્ધર, લેટેસ્ટ ટેક્નોલોજીના ઉપયોગથી આરામદાયક જીવન જીવો છો, પણ અમારી હાલત દિવસે અને દિવસે બદતર થતી જાય છે. આપ રસ્તે આવતાં-જતાં થોડીક નજર અમારા ઉપર નાખશો તો આપને અમારી બેહાલીના થોડાક અંશ જરૂર દેખાશે. અમારા નાનાં-નાનાં સુંદર મજાના બચ્ચાં ખોરાક વગર રસ્તામાં આપની તરફ આશાની મીટ માંડીને બેઠા છે. જો આપના હૃદયમાં થોડીક કરૂણા હોય તો, અમારા માટે પ્રાથમિક જરૂરિયાત ખોરાક, પાણી, દવા અથવા થોડોક પ્રેમભર્યો હાથનો સ્પર્શ પણ અમને ઘણી સાંત્વના આપશે.

રસ્તે આવતાં-જતાં આપનું વાહન અમને અથડાઈને જીવલેણ ઘા વાગે અને અમે તરફડી-તરફડીને સારવાર વગર કમોતે મરીએ એવું ન બને તેની કાળજી રાખજો. અમે અબોલ છીએ પણ, અમારો પણ પરિવાર છે, બાળકો છે, જેના માટે અમને લાગણી અને પ્રેમ છે અને એમના પાલન-પોષણની જવાબદારી અમારા પર છે, જો અમે મરી જઈશું તો અમારા બાળકોનું ધ્યાન કોણ રાખશે? અમને ખોરાક ના આપો તો કંઈ નહીં, પણ અમને મારશો નહીં, અમને ખૂબ પીડા થાય છે, કોઈ વખત તમારી જાતને અમારી જગ્યાએ મૂકીને જુઓ તો તમને ખબર પડશે કે અમે કેટલા દુ:ખ, દર્દ અને યાતનાઓમાં અમારું જીવન વ્યતીત કરી રહ્યા છીએ. તમે જંગલોને નષ્ટ કરીને તમારા ઘર બનાવો છો તો પછી અમે વન્યજીવ ક્યાં જઈને રહીએ? ભૂલ તમારી અને વેઠવું પડે છે અમારે. અમારા મૂંગા સંવેદનો સમજશો તો તમને અમારો પ્રેમ મનુષ્યના સ્વાર્થી પ્રેમ કરતા વધારે લાગશે. અમો અબોલ જીવો પર થોડી દયા ભાવના રાખશો તો અમારા મૂક આર્શીવાદ તમને મળશે.



## પશુ-પક્ષીઓને બચાવવા માટે મદદરૂપ થઇ શકતા સૂચનો

- ☑ રસ્તા પર પ્લાસ્ટીકની થેલીમાં કચરો ના નાખો. લાખો પ્રાણીઓ પ્લાસ્ટીક ખાવાથી મૌતને ભેટે છે.
- ☑ વાહન ઝડપથી ના ચલાવો. વાહનોની હડફેટે માણસો અને પ્રાણીઓ ઈજાગ્રસ્ત થાય છે યા મરી જાય છે.
- ☑ પક્ષીને બચાવતી વખતે કપડાનો ઉપયોગ કરવો અને પક્ષીની આંખો ઢાંકી દેવી જેથી પક્ષી આઘાતમાં ન આવે. પક્ષીને કાણાંવાળા પૂંઠાના બોક્ષ અથવા બાસ્કેટમાં મૂકવું.
- ☑ કોઈપણ પ્રાણી-પક્ષી ઘાયલ હોય ત્યારે તેના પર પાણી છાંટશો નહીં. જબરદસ્તીથી એને પાણી પીવડાવશો નહીં. સમય બગાડ્યા વગર તરત જ તેને નજીકના પશુ સારવાર કેન્દ્રમાં લઈ જવું.
- ☑ જો પ્રાણી-પક્ષી ઘાયલ હોય અને લોહી નીકળતું બંધ ના થતુ હોય, તો તેવા સંજોગોમાં તેના ઘા ઉપર ધીમેથી કપડું મૂકીને લોહી બંધ થાય તેમ કરવું.
- ☑ પશુ-પક્ષીઓની સેવાભાવી સંસ્થા અને પશુ સારવાર કેન્દ્રના સંપર્ક નંબર તમારી પાસે રાખો.

# ભારત સરકાર દ્વારા પ્રાણી અને તેમની સાર સંભાળ રાખનારાઓ માટેની કાનૂની જોગવાઈઓ

- ભારતના બંધારણીય કાયદાના અનુચ્છેદ ૫૧-એ (જી) મુજબ - ''વન, તળાવો, નદીઓ અને વન્યપ્રાણી સૃષ્ટિ સહિતના કુદરતી વાતાવરણની સુરક્ષા અને સુધારણા કરવી અને જીવંત જીવો માટે કરૂણા રાખવી એ ભારતના દરેક નાગરિકની ફરજ રહેશે''. તેથી પ્રાણી પ્રેમી બંધારણ હેઠળ સુરક્ષિત છે.

- ભારતીય બંધારણનું અનુચ્છેદ ૨૧ મુજબ દરેકને વ્યક્તિગત જીવન અને સ્વાતંત્ર્યનો અધિકાર છે. આ બહુ વિશાળ અધિકાર છે. જો કોઈ પ્રાણીને આશ્રય આપવા માગે છે, તો તે એવું કરવા માટે સ્વતંત્ર છે. તેમની પાસે સ્વાતંત્ર્યનો અધિકાર છે કે, જે કાયદો ભારતના દરેક નાગરિકને પ્રદાન કરે છે.

- કોઈપણ કાયદો પ્રાણીને ખોરાક આપતા અટકાવતો નથી. કોઈપણ વ્યક્તિ જે પ્રાણીઓની કાળજી લેતી વ્યક્તિને ધમકાવે છે તે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૫૦૩/૫૦૬ હેઠળ ફોજદારી ગુનો બને છે, જેમાં તેને ૨ વર્ષની સજા અથવા દંડ અથવા બંનેને પાત્ર છે.

- સરકારની નીતિ ''એનિમલ બર્થ કંટ્રોલ પ્રોગ્રામ, ૨૦૦૧'' પ્રમાણે શેરીના કુતરાનું વંધ્યીકરણ અને રસીકરણ કરી લીધા બાદમાં જે વિસ્તારમાંથી ઉપાડ્યાં હોય તે જ વિસ્તારમાં પાછા મૂકવા ફરજિયાત છે. શેરીના કુતરાઓને દૂર કરવા અથવા સ્થળાંતર કરવું તે ગેરકાયદેસર છે.

- સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ શેરીના કુતરાની હત્યા અથવા સ્થળાંતર કરવું ગેરકાયદેસર છે અને કાયદા દ્વારા તે ફોજદારી ગુનો છે. વધુમાં વધુ તેઓનું વંધ્યીકરણ અને રસીકરણ કરી શકાય છે.

- પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ ની કલમ-૧૧ મુજબ કોઈપણ પ્રાણીને માર મારવો, લાત મારવી, તેના ઉપર વધુ સવારી કરવી, તેના ઉપર વધુ ભાર લાદવો, અતિ હાંકવું, યાતના આપવી અથવા બિનજરૂરી પીડાથી પ્રાણીઓ ક્રૂરતાનો ભોગ બને તે દંડ/સજાને પાત્ર છે.

- ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૪૨૮/૪૨૯ મુજબ પ્રાણી અથવા પ્રાણીઓની હત્યા કરે, ઝેર આપે, મારી નાખે, અપંગ કરી નાખે અથવા નકામું કરી નાખે, તેને ૨ વર્ષ/૫ વર્ષની સજા અથવા દંડ અથવા બંનેને પાત્ર છે.

- બોમ્બે પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૭૩ થી ૭૯, ૯૯ મુજબ જયારે કોઈ પ્રાણી પ્રત્યે ગુનો બન્યો હોય ત્યારે પોલીસને કાર્યવાહી કરવાની વિશેષ સત્તા આપે છે.

- દિલ્હી પોલીસ અધિનિયમ ૧૯૬૮ ની કલમ ૭૩ થી ૭૯, ૯૯ મુજબ જયારે કોઈ પ્રાણી પ્રત્યે ગુનો બન્યો હોય ત્યારે પોલીસને કાર્યવાહી કરવાની વિશેષ સત્તા આપે છે.

- કોઈપણ સરકારી કર્મચારી પ્રાણીઓ પ્રત્યેના કોઈપણ ક્રૂરતાપૂર્ણ વ્યવહારમાં સંડોવાયેલ હોય તો, ''મિનિસ્ટ્રી ઓફ પર્સનલ પબ્લિક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન્સ, ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ'' દ્વારા જાહેર પરિપત્ર તા. ૨૬-૦૫-૨૦૦૬ પ્રમાણે કડક સજાને પાત્ર ગુનો બને છે.

- પ્રાણીઓ જોડે કોઈપણ ક્રૂરતાપૂર્ણ બનાવની જાણ થવી જ જોઈએ. પુરાવાની વિગતો લઈને નજીકના પોલીસ સ્ટેશને ફરિયાદ લખાવવી.

**આ પત્રિકાનો હેતુ લોકોમાં જાગૃતિ આવે, પ્રાણીઓ તરફ થતી હિંસા અને ક્રૂરતામાં ઘટાડો થાય. મનુષ્ય અને પ્રાણીઓ વચ્ચેનું ઘર્ષણ ઓછું કરવા અને શાંતિપૂર્ણ વાતાવરણ બનાવવાનો છે.**


## કરૂણા ચેરીટેબલ ટ્રસ્ટ

પશુ-પક્ષીઓની નિઃશુલ્ક સેવા કરતી સંસ્થા

વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

+91 8000501861 karunacharitabletrust3@gmail.com www.karunacharitabletrust.org


**આ પત્રિકાનો સદુપયોગ કરવા વિનંતી અને અન્યને વંચાવવો.**